જર્જરીત ગ્રામ પંચાયત ઘરની જગ્યાએ નવીન ગ્રામ પંચાયત ઘરના મકાન બાંધવા માટે મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પરચ-૨૦૦૬ - ૨૯૮૧ -ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :-૨૮-૩-૦૭

વંચાણમાં લીધો :-

(૧) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગનો તા. ૬-૨-૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૧૦૫- ૩૬૪૫-ચ
(૨) પં.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગનો તા. ૭-૨-૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક: પરચ- ૧૧૦૫-૩૬૪૫-ચ
(૩) વિ.ક. શ્રી, ગાંધીનગરના તા. ૪-૮-૦૬ ના પત્ર ક્રમાંક: વિ.ક- કાર્યક્રમ- ૧- જર્જરીત પંચાયત ઘર- ફા.નં. ૬૮-૦૬ .
(૪) વિ.ક. શ્રી, ગાંધીનગરના તા. ૧૭-૧૦-૦૬ ના અ.સ. પત્ર ક્રમાંક: વિ.ક- કાર્યક્રમ- ફા.નં. ૬૮-૦૬ .
(૫) વિ.ક. શ્રી, ગાંધીનગરના તા. ૧૨-૧૨-૦૬ ના અ.સ. પત્ર ક્રમાંક: વિ.ક- કાર્યક્રમ- જર્જરીત પંચાયત ઘર- ૦૬ .
(૬) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગનો તા. ૮-૯-૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક: પરચ-૨૦૦૬- ૨૭૦૫- ચ
(૭) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગનો તા. ૨૩-૩-૦૭ નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૭- ૬૬૨-ચ.

ઠ રા વ :-

રાજ્યની ગ્રામ પંચાયત પંચાયત ઘરના મકાન વિહોણી તમામ ગ્રામ પંચાયતોને સી.ડી.પી.૫ હેઠળ પંચાયત ઘર- તલાટી-કમ- મંત્રી આવાસ બાંધવામાં આવેલ છે. હવે વર્ષ ૨૦૦૫- ૦૬ ના અંત સુધીમાં એક પણ ગ્રામ પંચાયત પંચાયત ઘરવિહોણી રહેતી નથી. પરંતુ સંદર્ભ ક્રમાંક: (૬) માં દર્શાવેલ તા. ૮-૯-૨૦૦૬ ના ઠરાવથી સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં સી.ડી.પી.૫ હેઠળ પંચાયત- ઘર- ક્રમ- તલાટી આવાસ બાંધવાની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જેથી સને ૨૦૦૬- ૦૭ ના બજેટ જોગવાઇ નો ખર્ચ આવાસો બાંધવા નહિ. પરંતુ

જર્જરીત પંચાયત ઘરના સમારકામ અને બેસવા લાયક ન હોય તેવા પંચાયત ઘરોની જગ્યાએ પંચાયત ઘર-કમ- તલાટી મંત્રી આવાસ બાંધકામની કામગીરી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

રાજ્યમાં જર્જરીત ગ્રામ પંચાયત ઘર પૈકી મરામત થઇ શકે તેવી ગ્રામ પંચાયતની છે. જ્યારે જર્જરીત ગ્રામ પંચાયતો પૈકી સંપૂર્ણ નવી બનાવવાપાત્ર ગ્રામ પંચાયતો પોતાના ખૂબ જ જુના મકાનોને લીધે ચાવડી કે ચોરા તરીકે વપરાતી જગ્યાના મકાનમાં કામ કરે છે. આ પંચાયત ઘરો ખૂબ જ જર્જરીત સ્થિતિમાં અને મરામત ન થઇ શકે તેવા - કામ કરવા અને બેસવા માટે જોખમી ગણાય તેવા છે. આ બાબતમાં અંદાજપત્ર ૨૦૦૬- ૦૭ ની સીડીપી- ૫ પંચાયત ઘર તલાટી-કમ મંત્રી આવાસની સંદર્ભ ક્રમાંક: (૬) માં દર્શાવેલ તા. ૮-૯-૦૬ ના ઠરાવથી કરવામાં આવેલ હયાત જોગવાઇમાં આવી ગ્રામ પંચાયતોના જર્જરીત મકાનોનો કાટમાળ ઉતારી લઇને નવીન પંચાયત ઘર તલાટી-કમ- મંત્રી આવાસ બનાવવાની અનિવાર્યતા ધ્યાને લઇને નીચે જણાવેલી શરતોને આધીન રહીને વણવપરાયેલી અંદાજપત્ર જોગવાઇમાંથી ગ્રામ પંચાયતોના પંચાયત ઘરો નવેસરથી બનાવવાના રહેશે.

<u>શરતો</u> :-

(૧) હયાત જર્જરીત ગ્રામ પંચાયત કચેરીના મકાનને જમીનદોસ્ત કરવાની અનુમતિ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આપવાની રહેશે. આ મંજૂરી આપતા પહેલા સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કાર્યપાલક ઇજનેર (મા અને મ) મારફતે સ્થળની મુલાકાત લઇ ગ્રામ પંચાયતનું મકાન જર્જરીત છે તેવું સંયુકત પ્રમાણપત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને કાર્યપાલક ઇજનેરશ્રી (મા અને મ) ની સહીથી આપવાનું રહેશે.

(૨) જર્જરીત ગ્રામ પંચાયતના મકાનની સંબંધિત અધિકાર ધરાવતા સક્ષમ અધિકારી મારફતે અપસેટ પ્રાઇઝ પ્રથમ તબક્કે નક્કી કરવાની રહેશે.

(૩) ગ્રામ પંચાયત કચેરીના જર્જરીત મકાનને જમીન દોસ્ત કરતા પહેલા હયાત આ મકાનને જુદા જુદા એંગલથી ફોટોગ્રાફ પાડીને ગ્રામ પંચાયત તથા જિલ્લા પંચાયતના રેકર્ડ અચૂકપણે રાખવાના રહેશે.

(૪) જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ત્યારબાદ સંબંધિત જિલ્લાને આ સંદર્ભમાં ફાળવેલ નાણાકીય રકમને ધ્યાને રાખીને અગ્રતાક્રમ મુજબ દરેક વર્ષે આવી ગ્રામ પંચાયત-પંચાયત ઘર- તલાટી કમ મંત્રી આવાસના નવીન મકાન બનાવવાની મંજૂરી આપવાની રહેશે.

(૫) સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આવી મંજૂરી મળ્યા બાદ જે તે ગ્રામ પંચાયતે આવા જર્જરીત થયેલા મકાનને જમીનદોસ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. તેમજ તેના કાટમાળનો જાહેર હરાજીથી નિયત કરેલ પધ્ધતિથી નિકાલ કરવાનો રહેશે.

(૬) આવી જર્જરીત ગ્રામ પંચાયતના કાટમાળથી ઉપજેલ રકમમાંથી મકાન જમીનદોસ્ત કરવાનો ખર્ચ બાદ કરતા બાકી રહેતી ચોખ્ખી ઉપજ નવા પંચાયત ઘર- તલાટી કમ મંત્રી આવાસની યુનિટ કોસ્ટની કિંમત સામે સરભર કરવાની રહેશે.

(૭) આવા નવા બનનાર પંચાયત ઘર- તલાટી કમ મંત્રી આવાસ આ વિભાગના તા. ૬-૨-૦૬ ના ઠરાવ ક્રમાંક: પરચ- ૧૧૦૫-૩૬૪૫-ચ, ની જોગવાઇ મુજબ નિયત ટાઇપ ડીઝાઇન અને નિયત રકમની મર્યાદામાં બાંધવાના રહેશે.

(૮) વિકાસ કમિશ્નરશ્રી આવા જર્જરીત પંચાયત ઘરની યાદી વિભાગના પરામર્શે આખરી કરશે અને તે યાદી સિવાયની કોઇ પણ ગ્રામ પંચાયતના મકાન બાંધકામ મરામતની કામગીરી આ યોજનામાં લઇ શકાશે નહિ.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ હસ્તકની અંદાજપત્ર ૨૦૦૬- ૦૭ ની માંગણી ક્રમાંક: ૭૦, મુખ્યસદર-૨૫૧૫- અન્ય ગ્રામિણ વિકાસ કાર્યક્રમ, ગૌણસદર -૧૦૨ સમુહ પેટા સદર(૪) ની જનરલ સદરની વણવપરાયેલ ગ્રાન્ટમાંથી આદિજાતિ વિસ્તાર સિવાયના વિસ્તારો માટે અને તેવી જ રીતે આદિજાતિ પેટા યોજના હેઠળના આયોજન સદર માંગણી ક્રમાંક: ૯૬, અંદાજપત્ર સદર-૨૫૧૫- અન્ય ગ્રામિણ વિકાસ કાર્યક્રમ, ગૌણસદર -૯૬ - આદિજાતિ વિસ્તાર પેટા યોજના (૭) ની જોગવાઇ પૈકીની વણવપરાયેલી ગ્રાન્ટમાંથી ગ્રામ પંચાયતોના જર્જરીત મકાનોના પુનઃ બાંધકામ માટે હેતુફેર કરી સને ૨૦૦૬-૦૭ ના બજેટમાં સીડીપી-૫- હેઠળ પંચાયત ઘર અને તલાટી-કમ- મંત્રી આવાસ યોજના માટે સામાન્ય સદરે રૂ. ૭૯૦.૦૦ લાખ, આદિજાતિ વિસ્તાર પેટા સદરે રૂ. ૨૧૦.૦૦ લાખ મળી કુલ રૂ. ૧૦૦૦.૦૦ લાખની સંદર્ભ ક્રમાંક: (૬) માં દર્શાવેલ તા. ૮-૯-૦૬ ના ઠરાવમાં કરવામાં આવેલ જોગવાઇને નીચેની શરતોને આધીન રહી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ/ બજેટ પ્રભાગ દ્વારા વખતોવખત છૂટી કરવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે મંજૂરી આપવામાં આવે તે જ હેતુ માટે જ બજેટ જોગવાઇ થયેલ રકમમાંથી ખર્ચ કરવાનો રહેશે.

(૪) જર્જરીત ગ્રામ પંચાયતોના મકાન બાંધવા માટે જ આ ગ્રાન્ટનો ઉપયોગ જિલ્લા પંચાયતએ કરવાનો રહેશે.

આ યોજનાનું ખર્ચ માંગણી ક્રમાંકઃ ૭૦, મુખ્ય બજેટ સદર-૨૫૧૫- અન્ય ગ્રામિણ વિકાસ કાર્યક્રમો, ગૌણસદર -૧૦૨- સમુહ વિકાસ. પેટાસદર(૪) સીડીપી-૫ પંચાયત ઘર અને તલાટી કમ મંત્રી માટે નિવાસ બાંધવા માટે ગ્રામ પંચાયતોને સહાયક અનુદાન વિગતવાર સદર-૩૦, સહાયક અનુદાન પંચાયતોને હેઠળ ઉધારવાનો રહેશે.

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના આયોજન સદર હેઠળના માંગણી ક્રમાંકઃ ૯૬, ના અંદાજપત્ર સદર-૨૫૧૫- અન્ય ગ્રામિણ વિકાસ કાર્યક્રમ, ગૌણસદર -૯૬ - આદિજાતિ વિસ્તાર પેટા યોજના (૭) સીડીપી-૫ - પંચાયત ઘર અને તલાટી કમ મંત્રી માટે નિવાસ બાંધવા માટે ગ્રામ પંચાયતોને સહાયક અનુદાન હેઠળ ઉધારવાનો રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રીની તા. ૨૭-૨-૦૭ તથા અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની તા. ૧૪-૩-૦૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

[illegible]

([illegible])
સેકશન અધિકારી,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ.

પ્રતિ,

૧. માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
૨. માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી.
૩. માન.મંત્રીશ્રી(પં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય.ગાંધીનગર
૪. માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(પં.) ના અંગત સચિવશ્રી. સચિવાલય,ગાંધીનગર
૫. એકાઉન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
૬. વિકાસ કમિશ્નરશ્રી. ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૭. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
૮. વિભાગની સર્વે શાખાઓ (ચ શાખા સિવાય)
૧૦.અગ્રસચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર
૧૧.નાણાકીય સલાહકારશ્રી, (પંચાયત), પંચાયત વિભાગ. સચિવાલય ગાંધીનગર.
૧૨.નાયબ સેકશન અધિકારી સિલેકટફાઇલ.
૧૩. શાખા સિલેકટ ફાઇલ.

S-C:\My Documents\Ch\Prc-2981-Ch.docA